GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

# ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તાઓની માહિતી જરૂરિયાત અને માહિતી સેવાઓ

**ઉત્કર્ષ મહેરા**
રિસર્ચ સ્કોલર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ
માર્ગદર્શક
**ડૉ. વર્ષા જોશી**
અસિસ્ટન્ટ પ્રોફેસર
ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ

## સારાંશ

આ સંશોધન પત્ર ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તાઓની માહિતીની જરૂરિયાતો અને તેમને પૂરી પાડવામાં આવતી માહિતી સેવાઓના અભ્યાસ પર આધારિત છે. અભ્યાસનો મુખ્ય હેતુ ગ્રંથાલયના વિવિધ સ્તરના (UG, PG, M.Phil, Ph.D.) ઉપયોગકર્તાઓની શૈક્ષણિક, સંશોધનાત્મક અને સ્પર્ધાત્મક માહિતીની જરૂરિયાતોને ઓળખવી, ઉપલબ્ધ માહિતી સ્ત્રોતો અને સેવાઓનું મૂલ્યાંકન કરવું તેમજ ઉપયોગકર્તાઓના સંતોષનું સ્તર જાણવાનો છે. સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી 200 ઉપયોગકર્તાઓને પ્રશ્નાવલી વિતરિત કરવામાં આવી હતી, જેમાંથી 180 (90%) પ્રશ્નાવલીઓ પરત મળી હતી. તારણો દર્શાવે છે કે 100% ઉપયોગકર્તાઓ ગ્રંથાલયના સભ્ય છે અને તેમને વિવિધ પ્રકારના મુદ્રિત અને ઇલેક્ટ્રોનિક માહિતી સ્ત્રોતોની જરૂર પડે છે. 90% ઉપયોગકર્તાઓ તેમની માહિતી જરૂરિયાતો માટે ગ્રંથાલયના સ્ત્રોતો અને સેવાઓથી સંતુષ્ટ

છે, જ્યારે 10% ઉપયોગકર્તાઓને કેટલીક જરૂરિયાતો પૂરી થતી નથી. મોટાભાગના ઉપયોગકર્તાઓ (100%) ગ્રંથાલય સ્ટાફના સહકારથી સંતુષ્ટ છે. અભ્યાસના અંતે સ્પર્ધાત્મક સાહિત્ય વધારવા, નવીન પુસ્તકો ઝડપથી ઉપલબ્ધ કરાવવા, વિભાગીય ગ્રંથાલયોને મજબૂત કરવા અને વપરાશકર્તા શિક્ષણ કાર્યક્રમો વધારવા જેવા સૂચનો રજૂ કરવામાં આવ્યા છે.

**ચાવીરૂપ શબ્દો:** માહિતી જરૂરિયાત, માહિતી સેવાઓ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉપયોગકર્તા અભ્યાસ, યુનિવર્સિટી ગ્રંથાલય

## 1. પ્રસ્તાવના

શિક્ષણ એ કોઈ પણ રાષ્ટ્રના વિકાસનો પાયો છે, અને તેમાં પણ ઉચ્ચ શિક્ષણનું યોગદાન સર્વોચ્ચ છે. ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને અનુષાંગિક પ્રવૃત્તિઓના કેન્દ્રસ્થાને ગ્રંથાલય આવેલું છે. યુનિવર્સિટી ગ્રંથાલયને શિક્ષણ સંસ્થાનું "હૃદય" માનવામાં આવે છે, કારણ કે તે શિક્ષણ અને સંશોધન માટે જરૂરી માહિતીનો ભંડાર અને પ્રસારકર્તા છે. ગ્રંથાલયની સફળતા તેના ઉપયોગકર્તાઓની માહિતી જરૂરિયાતોને કેટલી અસરકારક રીતે પૂર્ણ કરે છે તેના પર નિર્ભર છે. આથી, ગ્રંથાલયો માટે તેમના ઉપયોગકર્તાઓની જરૂરિયાતો સમજવી, તેમને યોગ્ય સેવાઓ પૂરી પાડવી અને તેમના સંતોષનું મૂલ્યાંકન કરવું અત્યંત જરૂરી છે.

આ અભ્યાસ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ (UG, PG, M.Phil, Ph.D.) ની માહિતી જરૂરિયાતો અને તેમને પૂરી પાડવામાં આવતી માહિતી સેવાઓનું વિશ્લેષણ કરે છે.

**2. સંશોધનના ઉદ્દેશ્યો**

આ સંશોધનના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે:

1. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય વિશે સામાન્ય માહિતી મેળવવી.
2. ગ્રંથાલયના ઉપયોગકર્તાઓ (વપરાશકર્તાઓ) વિશે માહિતી મેળવવી.
3. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના માહિતી સ્રોતો જાણવા.
4. ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવતી વિવિધ માહિતી સેવાઓની ઓળખ કરવી.
5. ઉપયોગકર્તાઓની શૈક્ષણિક, સંશોધનાત્મક અને સ્પર્ધાત્મક માહિતીની જરૂરિયાતો જાણવી.
6. મળેલા તથ્યોના આધારે તારણો કાઢવા અને ઉપયોગી સૂચનો રજૂ કરવા.

**3. સાહિત્ય સમીક્ષા**

પંચાલ, જીવીત્સા એ. (2009): 'ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે અદ્યતન અવબોધન સેવા (CAS) અને પસંદગીયુક્ત માહિતી પ્રસારણ સેવા (SDI) નો સમન્વય' આ અભ્યાસ ઓપન યુનિવર્સિટીના સંદર્ભમાં આધુનિક માહિતી સેવાઓના સમન્વય પર કેન્દ્રિત છે, જે દૂર શિક્ષણના ઉપયોગકર્તાઓ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સંશોધન યુનિવર્સિટી ગ્રંથાલયોમાં નવીન સેવાઓના અમલીકરણ માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

ઠાકર, ઉર્મિલા (1992): 'સરદાર પટેલ યુનિવર્સિટીમાં અદ્યતન અવબોધન સેવા અને પસંદગીયુક્ત માહિતી પ્રસારણ સેવાઓનો સમન્વય' આ પ્રારંભિક અભ્યાસ પરંપરાગત યુનિવર્સિટી ગ્રંથાલયમાં આધુનિક સેવાઓના એકીકરણ પર કેન્દ્રિત છે. તે દર્શાવે છે કે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

ગ્રંથાલયો કેવી રીતે ઉપયોગકર્તાઓની ચોક્કસ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પોતાની સેવાઓનું આયોજન કરી શકે છે.

Naidu, G. Henasudra (1998): 'Library and Information Services for Agricultural Research in India' આ પીએચ.ડી. અભ્યાસ ભારતમાં કૃષિ સંશોધન માટેની ગ્રંથાલય અને માહિતી સેવાઓની તપાસ કરે છે. આ અભ્યાસ વિશિષ્ટ ક્ષેત્રની માહિતી જરૂરિયાતો અને તે માટેની સેવાઓનું મૂલ્યાંકન કરે છે, જે કોઈ પણ યુનિવર્સિટી ગ્રંથાલય માટે ઉપયોગી સિદ્ધાંતો પૂરા પાડે છે.

Biswas, Bidhan Chandra (2007): 'A Study of Information Needs and Information Seeking Behaviour of the Users of University Libraries in West Bengal' આ અભ્યાસ પશ્ચિમ બંગાળની ત્રણ યુનિવર્સિટીઓ (કલ્યાણી, બુર્દવાન અને જાદવપુર) ના ગ્રંથાલયોના ઉપયોગકર્તાઓ પર કેન્દ્રિત છે. આ સંશોધનમાં 715 (સાતસો પંદર) ઉત્તરદાતાઓના જવાબોનું તેમના હોદ્દા, જાતિ, અભ્યાસ ક્ષેત્ર અને ભાષાના આધારે વિશ્લેષણ કરવામાં આવ્યું. આ અભ્યાસ યુનિવર્સિટી ગ્રંથાલયોના ઉપયોગકર્તાઓના વિવિધ જૂથોની જરૂરિયાતો સમજવા માટે એક વ્યાપક આધાર પૂરો પાડે છે.

Ghosh, Bhabuni Kunws (2002): 'A Study of Reference and Information Service in University Libraries in West-Bengal: A Quantitative and Qualitative Approach' આ અભ્યાસ પશ્ચિમ બંગાળની યુનિવર્સિટી ગ્રંથાલયોની સંદર્ભ (Reference) અને માહિતી સેવાઓનો માત્રાત્મક (Quantitative) અને ગુણાત્મક (Qualitative) દૃષ્ટિકોણથી અભ્યાસ કરે

છે. આ પ્રકારનો અભ્યાસ સેવાઓની ગુણવત્તા અને અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે ઉપયોગી છે.

Fasket, D.J. (1958): 'Information Services in Libraries' આ પુસ્તક ગ્રંથાલયોમાં માહિતી સેવાઓના ઉદ્ભવ અને વિકાસની ઐતિહાસિક સમજ આપે છે.

Gelfand, M.A. (1971): 'University Libraries for Developing Countries' આ પુસ્તક વિકાસશીલ દેશોની યુનિવર્સિટી ગ્રંથાલયોની સમસ્યાઓ અને તેમના વિકાસ માટેની વ્યૂહરચનાઓ પર પ્રકાશ પાડે છે.

**4. સંશોધન પદ્ધતિ**

આ અભ્યાસ સર્વેક્ષણ પદ્ધતિ પર આધારિત વર્ણનાત્મક સંશોધન છે. અભ્યાસનો વ્યાપ ઇ.સ. 2024-25 દરમિયાન ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયમાં નોંધાયેલા UG, PG, M.Phil અને Ph.D. ઉપયોગકર્તાઓ સુધી મર્યાદિત છે. અન્ય યુનિવર્સિટીઓ કે અગાઉના વર્ષોના ઉપયોગકર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. કુલ 200 ઉપયોગકર્તાઓને પ્રશ્નાવલીવિતરિત કરવામાં આવી હતી. જેમાંથી 180 (90%) પ્રશ્નાવલીઓ સંપૂર્ણ ભરીને પરત મળી હતી. માહિતી સંગ્રહ માટે સંશોધક દ્વારા વિશિષ્ટ રીતે તૈયાર કરવામાં આવેલી પ્રશ્નાવલીનો ઉપયોગ કરવામાં આવ્યો. તે રૂબરૂ મુલાકાત અને ઇ-મેઇલ મારફતે મોકલવામાં આવી હતી. મેળવેલા તથ્યોનું વિશ્લેષણ આવૃત્તિ વિતરણ અને ટકાવારીની ગણતરી દ્વારા કરવામાં આવ્યું. સારણીઓ અને ગ્રાફ બનાવવા માટે MS Excel નો ઉપયોગ કરવામાં આવ્યો.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

## 5. પરિણામ ચર્ચા

સંશોધનમાંથી મળેલા મુખ્ય તારણો નીચે મુજબ છે:

**કોષ્ટક 1: પ્રશ્નાવલીના પ્રતિસાદની સ્થિતિ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | પરત આવેલ | 180 | 90% |
| 2 | પરત ન આવેલ | 20 | 10% |
| | કુલ | 200 | 100% |

**કોષ્ટક 2: ઉપયોગકર્તાઓની શૈક્ષણિક કક્ષા**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સ્નાતક (UG) | 100 | 55.56% |
| 2 | અનુસ્નાતક (PG) | 60 | 33.33% |
| 3 | સંશોધન (M.Phil/Ph.D.) | 20 | 11.11% |
| | કુલ | 180 | 100% |

- તમામ 180 (100%) ઉપયોગકર્તાઓ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના સભ્ય છે અને તમામને તેમના અભ્યાસ/સંશોધન માટે માહિતીની જરૂર પડે છે.
- 100% ઉપયોગકર્તાઓને વિવિધ પ્રકારના માહિતી સ્રોતોની જરૂર પડે છે, જેમ કે પાઠ્યપુસ્તકો, સંદર્ભગ્રંથો, સામયિકો, સંશોધન નિબંધો અને ઇ-રિસોર્સિસ.

ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

- 160 (90%) ઉપયોગકર્તાઓને તેમની માહિતી જરૂરિયાત માટે પૂરતા પ્રમાણમાં સ્ત્રોતો મળે છે, જ્યારે 20 (10%) ને પૂરતા પ્રમાણમાં મળતા નથી.
- 100% ઉપયોગકર્તાઓ (160 જેમને સ્ત્રોતો મળે છે) અભ્યાસ વર્ગો બાદ, ગ્રંથાલયના સમય દરમિયાન અને ઓનલાઇન 24/7 સ્ત્રોતોનો ઉપયોગ કરી શકે છે.
- 180 (90%) ઉપયોગકર્તાઓને મુદ્રિત અને ઇલેક્ટ્રોનિક બંને પ્રકારના સ્ત્રોતો મળી રહ્યા છે.
- ગ્રંથાલય પરંપરાગત અને આધુનિક RFID, OPAC, RemoteXs, Anti-Plagiarism, વગેરે, બંને પ્રકારની સેવાઓ પૂરી પાડે છે.
- તમામ 180 (100%) ઉપયોગકર્તાઓ ગ્રંથાલય સ્ટાફના સહકારથી સંતુષ્ટ છે.
- 180 (100%) ઉપયોગકર્તાઓને ગ્રંથાલય દ્વારા ઉપયોગકર્તા શિક્ષણ આપવામાં આવે છે.
- 160 (90%) ઉપયોગકર્તાઓ ગ્રંથાલયના માહિતી સ્ત્રોતો અને સેવાઓથી સંતુષ્ટ છે. 20 (10%) અસંતુષ્ટ છે.
- 100 (60%) ઉપયોગકર્તાઓ માહિતી માટે અન્ય ગ્રંથાલયો (જેમ કે, અન્ય યુનિવર્સિટી લાયબ્રેરી, શહેરની જાહેર લાયબ્રેરી) નો પણ ઉપયોગ કરે છે, જ્યારે 80 (40%) ફક્ત ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયનો જ ઉપયોગ કરે છે.

**કોષ્ટક 3: માહિતી સ્ત્રોતો/સેવાઓથી સંતોષ**

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | સંતુષ્ટ | 160 | 90% |
| 2 | અસંતુષ્ટ | 20 | 10% |
| | કુલ | 180 | 100% |

## 6. નિષ્કર્ષ

આ અભ્યાસ દર્શાવે છે કે ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય તેના વિવિધ સ્તરના ઉપયોગકર્તાઓને માહિતી પ્રદાન કરવાનું મહત્વનું કાર્ય સફળતાપૂર્વક કરી રહ્યું છે. ગ્રંથાલય પાસે મુદ્રિત અને ઇલેક્ટ્રોનિક સ્ત્રોતોનો સારો એવો સંગ્રહ છે અને તે પરંપરાગત તેમજ આધુનિક માહિતી સેવાઓ પૂરી પાડે છે. મોટાભાગના ઉપયોગકર્તાઓ ગ્રંથાલયની સેવાઓથી સંતુષ્ટ છે અને સ્ટાફના સહકારની પ્રશંસા કરે છે. જો કે, હજુ પણ સ્પર્ધાત્મક સાહિત્ય, સંસાધનોની ઉપલબ્ધતા, આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ અને વપરાશકર્તા શિક્ષણ જેવા ક્ષેત્રોમાં સુધારાની જગ્યા છે. જો આ સૂચનોનો અમલ કરવામાં આવે તો ગ્રંથાલય વધુ સશક્ત બની શકે છે અને તેના ઉપયોગકર્તાઓની માહિતી જરૂરિયાતોને વધુ સારી રીતે સંતોષી શકે છે, જે યુનિવર્સિટીના એકંદર શૈક્ષણિક અને સંશોધનાત્મક ધ્યેયોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.

## સંદર્ભગ્રંથ

1. કડીકર, ભાવિકા. (2023). ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય દ્વારા વાંચકોને મળતી સેવાઓ અને સુવિધાઓઃ એક અધ્યયન. Vidhyayana - An International Multidisciplinary Peer-Reviewed E-Journal 8(5): 1-12
2. કડીકર, ભાવિકા. (2025). ગૂજરાત વિદ્યાપીઠ અને ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. ઉપભોક્તાઓની માહિતી પ્રાપ્તિ વર્તણૂકઃ એક તુલનાત્મક અધ્યયન. વઢવાણઃ સુરેન્દ્રનગર યુનિવર્સિટી

ISSN:3048-9792
Volume: 3
Issue: 3
May - June: 2026

3. પટેલ, કમલેશ એમ., (2010), ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન મહાવિદ્યાલયોના વ્યાખ્યાતાઓની માહિતીની જરૂરિયાત અને માહિતી પ્રાપ્તિની વર્તણૂક: એક અભ્યાસ", અમદાવાદ: ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
4. પરમાર, કુમારપાળ (2023). ગ્રંથાલયમાં ટપાલ-ટીકીટોનું મહત્વ અને તેની જાળવણી: એક સૂચન. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 8(4).
5. પારેખ, યોગેશ આર. (2010), "ગુજરાત અને રાજસ્થાન રાજ્યનાં યુનિવર્સિટી ગ્રંથાલયોની માહિતી સેવાઓનો તુલનાત્મક અભ્યાસ", અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ
6. Biswas, Bindhan Chandra (2009), Information needs and information seeking behaviour of users of Agricultural University libraries in Bangladesh A survey, Kalyani: University of Kalyani
7. Trivedi, Dharmendra and Atul Bhatt (2018), Contemporary Trends of Information Seeking Behaviour of Research Scholars of Gujarat University: A Case study, Library Philosophy and Practice (e-journal).